

# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી

**૧ એપ્રિલ, રવિવાર...** બ્રહ્મજ્યોતિ, યુ.કે. મંદિરે રાખેલ ૧૦ કલાકની સળંગ ધૂનની પૂર્ણાહુતિમાં સૌને જીવનમાં ધૂનની અગત્ય સમજાવી તથા ધૂનમાં ભાગ લીધો તે સૌ ઉપર પ્રસન્નતા વરસાવી. અ.નિ. સદ્‌ગુરુ સંત પૂજ્ય વિઠ્ઠલભાઈ (વી.એસ.)ના પ્રાગટ્યદિને તેઓના મહિમાની વાતો કરી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨ એપ્રિલ, સોમવાર...** સવારે સંતવર્ય પ.પૂ. રામબાપાના સ્વાસ્થ્યલાભ માટે દર્શને પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન કરી. સર્જરી બાદ આરામ કરી રહેલ ભાઈ રોનકને મળવા પધારી ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રે મંદિરમાં યોજેલ વિદાય-મિલન સભામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૩ એપ્રિલ, મંગળવાર...** સાંજે વિદાય વેળાએ મંદિરે દર્શન કરી, સભામાં સૌ સ્થાનિક મુક્તોની ભાવભરી વિદાય લઈ લંડન હીથ્રો ઍરપૉર્ટ પધાર્યા. ઍરપૉર્ટ ઉપર પધારેલ સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપી, સૌની ભાવભરી વિદાય લઈને ફ્લાઈટમાં મુંબઈ પ્રતિ પ્રયાણ કર્યું.

**૪ એપ્રિલ, બુધવાર...** સવારે મુંબઈ પધાર્યા. ઍરપૉર્ટ ઉપર જગતભાઈ, ત્ર્યંબકદાદા, કનુભાઈ, સિંગસાહેબ આદિ મોટી સંખ્યામાં પધારેલ મુંબઈના મુક્તોને દર્શન-આશિષ-પ્રસાદનું સુખ આપ્યું. ત્યાંથી ફ્લાઈટમાં વડોદરા પધાર્યા. વડોદરા ઍરપૉર્ટ પર પ.પૂ. અશ્વિનદાદા ને સંતો, ચંદ્રકાંતભાઈ, અશ્વિનભાઈ (પ્રમુખ), ગોવિંદભાઈ તથા વડોદરા પ્રદેશના મુક્તોનો સત્કારભાવ ઝીલી, સૌને દર્શન-સમાગમનું સુખ આપી બ્રહ્મજ્યોતિ, મોગરી પ્રતિ પ્રયાણ કર્યું. જ્યાં સૌ વ્રતધારી સંતો તથા સ્થાનિક મંડળના ભક્તોએ સત્કારી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. રાત્રે પારમિતા મંદિરે સ્વાગતસભામાં સૌને અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા.

**૫ એપ્રિલ, ગુરુવાર...** સવારે અ.નિ. સદ્‌ગુરુ સંત પૂ. વિઠ્ઠલભાઈ (વી.એસ.)ના દીકરા રાજુભાઈ-પૂર્વાબહેનના નૂતન આવાસ 'યોગીવાસ્યમ્'માં વ્રતધારી સંતો સાથે પધારી સત્સંગલાભ આપ્યો.

**૬ એપ્રિલ, શુક્રવાર...** રાત્રિસભામાં મોગરી મંડળની અઠવાડિક સભાના મુક્તોને બોલાવી યોજેલ સંયુક્ત સભામાં અદ્‌ભુત આશિષ પાઠવી સૌને બ્રહ્માનંદ કરાવ્યો. બૅંગ્લોરના ભાજપના યુવા કાર્યકર શ્રી નૂથનને સત્કાર્યા તેમજ આશીર્વાદ પાઠવ્યા.

**૭ એપ્રિલ, શનિવાર...** સવારે યોગી વિદ્યાપીઠની મુલાકાત લઈ સેવારત સૌ સંતો, શિક્ષકોને આશીર્વાદ આપ્યા. સાંજે કીર્તનસંધ્યા દરમિયાન દુબઈ જતા કલ્પેશભાઈ-ચેતનભાઈ વ્યાસ અને પરિવારના સૌ મુક્તોને વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. યુ.કે.નિવાસી વડીલ જગદીશભાઈ દવે દ્વારા લિખિત 'અનુપમ ગુજરાતી' પુસ્તકનું વિમોચન કરી આશીર્વાદ આપ્યા. વિદેશ પરત પધારતા કાંતિભાઈ ખંભાઈતા-કુમીબહેન તથા જગદીશભાઈ દવેને વિદાયની શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યાં.

**૮ એપ્રિલ, રવિવાર...** સવારે સુરત પ્રતિ પ્રયાણ કર્યું. સુરતમાં ફેનિલ બોરડના ઘરે પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. બિમલભાઈ સુખડિયાની બે નવી કન્સ્ટ્રક્શન સાઈટ ઉપર પધારી પુષ્પવૃષ્ટિ ને પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા. દિનેશભાઈના સ્વાસ્થ્યલાભ માટે તેઓના ઘરે પધારી પ્રાર્થના કરી. મોડી બપોરે સુરત મંદિરે પધાર્યા. સાંજે વિક્રમનગર વાડીમાં સભામાં અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. રાત્રે મંદિરે સ્થાનિક ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૯ એપ્રિલ, સોમવાર...** સુરત મંદિરે સવારે આરતી દરમિયાન ઉપસ્થિત ભક્તોને દર્શનનું સુખ આપ્યું. મંગલપૂજામાં સૌને દર્શન-સમાગમનું સુખ આપી બાલુમામા તેમજ ભગવાનભાઈના નૂતન આવાસમાં પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. નિઝરમાં રંજનબહેનના ઘરે પધાર્યા, જ્યાં નાની ચોવીસી, નવસારી, સુરત તેમજ સ્થાનિક ભક્તોના સત્કારભાવ ઝીલી સભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે નિઝરમાં વૈશાલીબહેન, દીપિકાબહેન, ચંદનબહેન, સુમિત્રાબહેન, નયનાબહેન, જયાબહેન, રમણભાઈ, દીપકભાઈના ઘરે પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. બારાસડીમાં કાંતુભાઈના ઘરે પધારી સૌ સ્થાનિક ભક્તોના સત્કારભાવ ઝીલ્યા. રાત્રે સુરતના ઘણા ભક્તો દર્શન-સમાગમનું સુખ લેવા પધાર્યા હતા, તે સૌને મોડી રાત્રિ સુધી બ્રહ્માનંદ કરાવીને આરામમાં પધાર્યા.

**૧૦ એપ્રિલ, મંગળવાર...** સવારે મંગલપૂજામાં કાંતુભાઈ-ઊર્મિલાબા તેમજ પરિવારના સૌ મુક્તોને આશીર્વાદનું સુખ આપી યોગેશભાઈ, હિતેશભાઈ તથા ચંદ્રકાંતભાઈ (સી.એમ.)ના મામાના ઘરે પધરામણી કરી પરિવારજનોને સત્સંગનું સુખ આપી તુંડીમાં

ધનંજયભાઈના ઘરે પધાર્યા, જ્યાં તુંડી ગામના સ્થાનિક ભક્તો–સ્નેહીજનો તેમજ ન્યૂ મૅક્સિકોથી પધારેલ બળવંતભાઈને સત્સંગનો લાભ આપી સુરતનિવાસી અશ્વિનભાઈની કન્સ્ટ્રક્શન સાઈટ ઉપર પધારી પુષ્પાંજલિ અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા. વિસાવદરનિવાસી ગોપાલભાઈ કાછડિયાના સાઈકલ વર્લ્ડ સ્ટૉરમાં પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. અંકલેશ્વર પધારી મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોને સભામાં આશીર્વાદ પાઠવ્યા. બપોરે રોહનભાઈ–જિગીશાબહેન, જિજ્ઞેશભાઈ, મેહુલભાઈ, રાજેશભાઈ–મીરાંબહેનના ઘરે પધરામણી કરી સૌ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે વેમાર મંદિરે પધારી સભામાં ઉપસ્થિત સમગ્ર વડોદરા પ્રદેશના ૪૦૦ જેટલા મુક્તોને આશીર્વાદ પાઠવી મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૧૧ એપ્રિલ, બુધવાર...** સવારે દાંતની સારવાર માટે આણંદના જાણીતાં ડૅન્ટિસ્ટ ડૉ. અરુણભાઈ–સચીબહેન પાસે પધાર્યા. આખો દિવસ બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરી સ્થાનિક સંતો–ભક્તોને દર્શન–ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૨ એપ્રિલ, ગુરુવાર...** બપોરે મુંબઈથી પધારેલ જગતભાઈ–ચારુબહેનને ને સાંજે વડોદરાથી પધારેલ પ્રિયંક–દિશાને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. રાત્રિસભામાં અદ્‌ભુત સત્સંગલાભ આપ્યો. ૧૯૮૧માં આજના દિવસે શ્રી સ્વામિનારાયણ ભગવાન દ્વિશતાબ્દી પર્વે સૌ ગુણાતીત સ્વરૂપોના સાંનિધ્યે આપણા અનુપમ મિશન, મોગરી કૅમ્પસનું ભૂમિપૂજન કરી 'બ્રહ્મજ્યોતિ' નામ આપ્યું હતું તેની સ્મૃતિ કરાવી.

**૧૩ એપ્રિલ, શુક્રવાર...** સવારે સોખડાથી પધારેલ ડૉ. અરવિંદભાઈના સમગ્ર પરિવારને, અમદાવાદથી પધારેલ હાઈકૉર્ટના ઍડવૉકેટ શ્રી મહેન્દ્રભાઈ, ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ તથા પ્રશાંતભાઈ પોપટ–સ્વિમાબહેનને સત્કાર્યાં અને સૌના સુખદ જીવન માટે આશીર્વાદ પાઠવ્યા. રાત્રે પારમિતા મંદિરે સભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૪ એપ્રિલ, શનિવાર...** સવારે પૅરિસથી પધારેલ બકુલેશભાઈ–રીનાબહેન તથા પરિવારના સૌ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. બપોરે ઓડ અને સુરતથી પધારેલ અંગદાન અભિયાન પ્રવૃત્તિમાં જોડાયેલ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે ડૉ. અનિલભાઈ ભાલોડિયાને ગોષ્ઠિનો લાભ આપ્યો. યુ.કે.થી પરત પધારેલ ખંભાતનિવાસી વિવેકભાઈ પટેલને સત્કારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૫ એપ્રિલ, રવિવાર...** ઉપાસના નિજ આવાસમાં સવારથી સાંજ સુધી યોજેલ સમૂહ જપયજ્ઞમાં જોડાઈ સૌને ધૂન–પ્રાર્થનામાં સાંનિધ્યનું સુખ આપી બળ પૂર્યાં. સવારે યુવકોની સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે મોગરીમાં ઊર્જાબહેન કૃણાલભાઈ પટેલના જન્મદિન નિમિત્તે તેઓના નિવાસસ્થાને યુવતીમંડળ દ્વારા યોજેલ અને સંપન્ન થયેલ મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. ભદ્રેશભાઈ–જ્યોતિબહેનના ઘરે પધરામણી કરી પરિવારજનોને સત્સંગનું સુખ આપ્યું. કૅનેડાથી પધારેલ દીપલબહેન તથા દીકરા રાજને આશીર્વાદ પાઠવ્યા.

**૧૬ એપ્રિલ, સોમવાર...** જૂનાગઢનિવાસી પ્રકાશભાઈ ચપલા–ચેતનાબહેનની દીકરી ચિ. ફોરમ–ચિ.મોહિતનાં લગ્નની કંકોતરીનું પૂજન કરી આશીર્વાદ પાઠવ્યા. નિઝરનાં રંજનબહેન યુ.એસ.એ. જતાં હોવાથી મહાપૂજામાં આશીર્વાદ પાઠવ્યા તેમજ ગોષ્ઠિનું સુખ આપ્યું. બપોરે ધર્મજથી પધારેલ બિરજુ પટેલ તેમજ સાથી મુક્તોને ગોષ્ઠિનું સુખ આપી જીવન જીવવાનું માર્ગદર્શન આપ્યું. છપૈયાનિવાસી માધવપ્રસાદ તિવારી–મહેન્દ્રપ્રસાદને આશીર્વાદ પાઠવ્યા. રાત્રિસભામાં સત્સંગલાભ આપ્યો.

**૧૭ એપ્રિલ, મંગળવાર...** સાંજે ઓડમાં હરિધામ–સોખડા દ્વારા નિર્માણ પામી રહેલ નૂતન મંદિરની જગ્યા ઉપર પુષ્પવૃષ્ટિ કરી આશીર્વાદ પાઠવ્યા. 'સદ્‌ભાવના સંમેલન'માં વિવિધ ધર્મોના વડા પધાર્યા હતા, ત્યાં પધારી સૌને માર્ગદર્શન અને આશીર્વાદ પાઠવ્યાં. સંમેલન બાદ ઓડમાં નિવાસ કરતા શ્રી શાપુરભાઈ–ભાનુબહેનના ઘરે પધરામણી કરી પરિવારનાં સૌને સત્સંગનું સુખ આપ્યું.

**૧૮ એપ્રિલ, બુધવાર...** સાંજે કરમસદમાં મિલનકુમાર–અમિતાબહેનના ઘરે પધરામણી કરી. જયંતીભાઈ ધડુક–દુર્ગાબહેનના નૂતન આવાસમાં યોજેલ વાસ્તુ મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. ડૉ. મિહિરભાઈ–ડૉ. ક્ષિતિબહેનના ઘરે તથા પડોશમાં નિવાસ કરતા અન્ય સ્થાનિક મુક્તોના ઘરે પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા.

**૧૯ એપ્રિલ, ગુરુવાર...** બપોર પછી ઉપાસનાધામ–અમદાવાદ મંદિરે દર્શનાર્થે પધારી પ્રાર્થના કરી તેમજ સ્થાનિક કાર્યકર્તાઓની સેવાને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા. અનુપમ સત્સંગભવનમાં ઈલાબાના ૮૧મા પ્રાગટ્યદિનની સભામાં પધારી તેઓનાં જીવન–માહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે સ્થાનિક ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રિરોકાણ માટે અર્પિતભાઈ–પ્રીતિબહેનના આવાસમાં પધારી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૦ એપ્રિલ, શુક્રવાર...** સવારે અર્પિતભાઈ–પ્રીતિબહેનના આવાસમાં મંગલપૂજામાં સૌને મંગલ આશીર્વાદ પાઠવ્યા. ડૉ. હર્ષદભાઈ–રાજેશ્વરીબહેનના ઘરે પધરામણી કરી પરિવારજનોને

ગોષ્ઠિનો લાભ આપ્યો. દિવ્યાંગભાઈ-ચેતનાબહેન અને ગૌરાંગભાઈ-પ્રજ્ઞાબહેનના ઘરે પધરામણી કરી સમગ્ર પરિવારને આશીર્વાદ પાઠવ્યા. સૌની ભાવભરી વિદાય લઈને નડિયાદ શારદામંદિર સ્કૂલમાં તથા મધુબાના ઘરે પધરામણી કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે શાંતિમામાના દીકરા ઘનશ્યામભાઈને તેઓના જન્મદિને આશીર્વાદ પાઠવ્યા.

**૨૧ એપ્રિલ, શનિવાર...** સવારે આરતીમાં ચેન્નાઈથી પધારેલ રક્ષિતાબહેન સુખડિયાને સત્કાર્યાં. સવારે બારીન્દ્રભાઈ-બિન્દુબાના ઘરે પધરામણી કરી ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે આણંદ જિલ્લાનાં ડેપ્યુટી કલેક્ટર સુશ્રી ખ્યાતિબહેન પટેલને ગોષ્ઠિનો લાભ આપી આશીર્વાદ પાઠવ્યા. વડોદરાથી પધારેલ ગોવિંદભાઈ-શંકરભાઈ પટેલનાં પરિવારજનોને સાંનિધ્યનું સુખ આપી આશીર્વાદ પાઠવ્યા. રાત્રે ઉપાસનામાં સ્થાનિક ઉપસ્થિત મુક્તોને બ્રહ્માનંદ કરાવ્યો.

**૨૨ એપ્રિલ, રવિવાર...** સવારે યોગેન્દ્રભાઈ (યુ.કે.)ના ખાંધલી-આણંદ સ્થિત 'નિજાનંદ રિસોર્ટ'માં શુદ્ધ ઉપાસના પર યોજાયેલ સક્રિય કાર્યકર્તાઓની શિબિરમાં પધારી સૌને અદ્ભુત લાભ આપ્યો. સાંજે શિબિર પૂર્ણાહુતિ સભામાં પધારી ખૂબ આશીર્વાદ વરસાવ્યા.

**૨૩ એપ્રિલ, સોમવાર...** સવારે કિરણભાઈ સોમપુરા, દ્વિજેનભાઈ તથા નૂતન મંદિરની બાંધકામ સમિતિના સૌ સભ્યો સાથે યોજેલ મીટિંગમાં પધારી માર્ગદર્શન ને આશીર્વાદ પાઠવ્યાં. સાંજે ઑસ્ટ્રેલિયાથી પધારેલ ડોલરભાઈ-જયશ્રીબહેન, જલ્પાને સત્કાર્યાં. રોહન-જલ્પાના નવજાત શિશુ ચિ. દેવને આશીર્વાદ પાઠવ્યા. બ્ર.સ્વ. યોગીબાપાની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ પધારેલ સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ એપ્રિલ, મંગળવાર...** સવારે વડોદરામાં હરેનભાઈ-પલ્લવીબહેનના ઘરે પધરામણી કરી માંજલપુર મંડળના સૌ મુક્તોને વ્યક્તિગત મળી આશીર્વાદ પાઠવ્યા. મગનબાપા તેમજ બી.ટી.સ્વામીના સ્વાસ્થ્યલાભ માટે મળવા પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી. ડૉ. કિરણભાઈ-પલ્લવીબહેનની નૂતન ‘Solace Hospital’માં જિતુભાઈના આમંત્રણથી પધરામણી કરી, પ્રાર્થનાઓ કરી આશીર્વાદ પાઠવ્યા. બ્રહ્મજ્યોતિ પર પારમિતા મંદિરમાં રાત્રિસભામાં અદ્ભુત સત્સંગલાભ આપ્યો.

**૨૫ એપ્રિલ, બુધવાર...** નૂતન મંદિર અંગે યોજેલ મીટિંગમાં પધારી કાર્યકર્તાઓને આશીર્વાદ અને માર્ગદર્શન પૂરું પાડ્યું. ઍલિકોન ઍન્જિનિયરિંગ કું.ના માલિક શ્રી પ્રયાસ્વિનભાઈ સાથે તેઓની ઑફિસમાં યોજેલ મીટિંગમાં પધાર્યા. સાંજે ઑસ્ટ્રેલિયા-ન્યૂઝિલૅન્ડની યાત્રાના પ્રારંભ પૂર્વે વડતાલ મંદિરે શ્રી હરિકૃષ્ણમહારાજનાં દર્શનાર્થે પધારી યાત્રાની સર્વાંગી સફળતા માટે પ્રાર્થના સાથે ધૂન કરી. રાત્રે પારમિતા મંદિરે યોજેલ વિદાય-મિલન સભામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૬ એપ્રિલ, ગુરુવાર...** સવારે બ્રહ્મજ્યોતિ પર દર્શનાર્થે પધારેલ અનેક મુક્તોને સત્કાર્યા. સાંજે વિદાય-મિલન સભામાં આશીર્વાદ આપી, સૌની ભાવભરી વિદાય લીધી. અમદાવાદ પૂ. રજનીભાઈ સંઘવીના ઘરે યોજલ વિદાય-મિલનસભામાં સમગ્ર અમદાવાદ પ્રદેશના ભક્તોને આશિષ પાઠવી ફ્લાઈટમાં સિડની પ્રતિ પ્રયાણ કર્યું.

**૨૭ એપ્રિલ, શુક્રવાર...** સાંજે સિડની ઍરપૉર્ટ પર પધાર્યા. જ્યાં સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા, સૌ સંતો, દીપેનભાઈ, આશિષભાઈ, મનુભાઈ ને મંડળના સમગ્ર મુક્તો સ્વાગત માટે પધાર્યા, ઍરપૉર્ટ પર તેઓ સૌને આનંદ કરાવ્યો ને સ્મૃતિઓ આપી. ત્યાંથી સૌ આશિષભાઈ-આરતીબહેનના ઘરે પધાર્યા, જ્યાં સૌએ સુંદર સ્વાગત કરી આવકાર્યા. સ્વાગતસભામાં તેમજ સભા બાદ સૌને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૮ એપ્રિલ, શનિવાર...** સવારે આશિષભાઈ-આરતીબહેનના ઘરે પ્રાતઃપૂજામાં સૌ પરિવારજનોને દર્શન-ગોષ્ઠિનો લાભ આપ્યો. બપોરે મનીષ-શાયોકાના ઘરે પધરામણી કરી. પૂજન, ધૂન, પ્રસાદ અર્પણ કર્યાં બાદ સૌને ગોષ્ઠિનો આનંદ કરાવ્યો. સાંજે આશિષભાઈ-આરતીબહેનના ઘરે પધારેલ મંડળના સૌ મુક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૯ એપ્રિલ, રવિવાર...** સવારે આશિષભાઈ-આરતીબહેનના ઘરે પ્રાતઃપૂજામાં સૌ પરિવારજનોને દર્શન-ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે કૉમ્યુનિટી હૉલમાં લોકલ એમ.પી. અને વિશિષ્ટ મહેમાનોના સાંનિધ્યમાં યોજેલ જાહેરસભામાં પધાર્યા. ગુજરાતી સમાજ દ્વારા સ્વાગત-સન્માન થયાં બાદ સિડની મંડળનાં બાળકો, યુવા-ગૃહસ્થો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો. ત્યારબાદ પૂ. શાંતિદાદા અને સંતભગવંત સાહેબજીએ સૌને જીવન જીવવાની સુંદર સમજ ને માર્ગદર્શન સાથે સુખી થવાના આશીર્વાદ આપ્યા.

**૩૦ એપ્રિલ, સોમવાર...** સવારે આશિષભાઈ-આરતીબહેનના ઘરે પ્રાતઃપૂજામાં સૌ પરિવારજનોને દર્શન-ગોષ્ઠિનો લાભ આપ્યો. બપોરે સિડની ડબલ બૅ ઍરિયામાં આશિષ-સિયાની રૅસ્ટોરન્ટમાં મહાપૂજામાં સૌને રૂડા આશીર્વાદ આપ્યા. સાંજે કુમાર-કેતાના ઘરે પધરામણી કરી, ધૂન-ભજન-પ્રાર્થના કર્યાં ને સૌ પરિવારજનોને ગોષ્ઠિનો લાભ આપ્યો. ◆